# મજૂરની છાતીમાં ઊંડે સુધી ખૂંપીને લોખંડનો સળિયો તૂટી ગયો

## ગોએન્કા હૉસ્પિટલમાં ૩ કલાક સુધી ઓપરેશન ચાલ્યું

ગાંધીનગર, બુધવાર

મહુડી રોડ પર આવેલી એક કંપનીમાં અકસ્માતે એક મજૂરની છાતીમાં ઉંડે સુધી પેસી ગયેલો લોખંડનો સળીયો તૂટી ગયો હતો અને બેથી ત્રણ ઈંચનો સળીયાનો ટૂકડો ફેફસાની અંદર ઘૂસી જતા ભારે દોડધામ મચી જવા પામી હતી. જોકે, આખરે ત્રણ કલાકના ઓપરેશન બાદ તેને બચાવી લેવામાં સફળતા મળી હતી. ગાંધીનગર-મહુડી રોડ પર આવેલી એક કંપનીમાં કામ કરતા પાલી રાજસ્થાનના ભંવરસિંહ રાવલને અકસ્માત નડ્યો અને લોખંડનો સળીયો તેની છાંતીમાં ઘૂસી ગયો હતો. છાતીમાં ઘૂસી ગયેલો આ સળિયો તૂટી જતા ફેફરાની અંદર જ બે-ત્રણ ઈંચનો ટૂકડો રહી જવા પામ્યો હતો. જેના પગલે તે લોહીલુહાણ બની ગયો અને શ્વાસની ભારે તકલીફ પડવા માંડી હતી.



**લોહીલુહાણ હાલતમાં શ્વાસ લેવામાં મુશ્કેલી પડવા લાગી**

આ ઈજાગ્રસ્ત વ્યક્તિને તરત જ ગાંધીનગર-મહુડી રોડ પર આવેલી ગોએન્કા હૉસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં એક્સ-રે અને સીટી સ્કેન કરાયા બાદ તેનું ઓપરેશન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. છાતી અને હૃદયના સર્જન ડૉ. રાજેન્દ્ર વસૈયાએ ૩ કલાકના આ ઓપરેશન બાદ ફેફસામાં ઉંડે સુધી ફસાઈ ગયેલા લોખંડના ધારદાર ટૂકડાને બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.